નમસ્કાર ગાંધીનગર

પમરાટ

બસ, હવે અહીં ગમતું નથી !
કારણ, કારણ કોઈ જડતું નથી!
વરસી આખી પાનખર અનરાધાર
આ એક પાંદડું છે જે ખરતું નથી !
હશે કોઈ કારણ સૃષ્ટી પાછળ પણ
આ બધું કંઈ અમથું અમથું નથી !
શીખી શીખી ને ક્યાં સુધી જીવવાનું
આ નસીબ છે જે કંઈ ભણતું નથી !

-ઉદય ચંદ્રકાંત

પાથેય

- રમેશ ઠક્કર

પાંદડું જે ખરતું નથી..!

ગમવાનાં કારણો જુદાં જુદાં હોય છે.એ ગણિતનો વિષય નથી.એનું શાસ્ત્ર અલગ છે.ઘણીવાર કોઈ માહોલ,કોઈ ચીજ,કોઈ વ્યક્તિ,માણસને આનંદિત કરી જાય છે,એની હાજરી માત્રથી એ પ્રફુલ્લિત થઈ જાય છે.આપણી દ્રષ્ટિએ હોય એવી સુખસાહેબી કે વૈભવ જેની પાસે હોય એવો માણસ એના થકી સુખ પામે છે એવું ઘણી વાર બનતું નથી!દરેક વ્યક્તિની આનંદ પામવાની પોતપોતાની રીત હોય છે.કેટલાક આનંદ મોટાભાગના લોકો માટે સમાન હોય છે.જેમ કે વૈભવ, સુખસાયબી,સારું ભોજન,સારું સ્થળ, આ બધાને ગમતાં હોય છે.કેટલાક લોકો સાત્વિક બાબતોમાં સુખ માને છે.કોઈને સુંદર કલાકૃતિ જોવાથી આનંદ મળે છે તો અમુક લોકો એવા હોય છે કે જેને કોઈ સુંદર કવિતા કે નવલકથા વાંચતા અનહદ આનંદની અનુભૂતિ થાય છે.ગમવું એ ઘણીવા સાપેક્ષ વસ્તુ બની જાય છે.. કોઈ માહોલ નથી ગમતો તો એનાં કારણો હોય જ એવું જરૂરી નથી.એ સમયે માણસને બસ એટલું જ થાય કે ગમતું નથી..એટલું જ પૂર્ણવિરામ મૂકવાનું હોય છે?.એનાં કારણો કયારેય જાણી શકતા નથી.

ટકકર લેવાનો સ્વભાવ કેટલાક માણસોમાં જન્મજાત હોય છે.ચારે બાજુથી આફતો ત્રાટકે ત્યારે ભલભલા થાકી જતા હોય છે .પ્રચંડ પવન ફૂંકાય તો એમાં ઘણી બધી ચીજ વસ્તુઓ ખેંચાઈ જતી હોય છે.જીવનમાં આવું બનતું રહે છે.દુઃખો એટલે કે પાનખર એવું આપણે અર્થઘટન કરીએ તો પાનખરના પ્રચંડ પ્રહાર સામે વૃક્ષો ઉપરથી પાંદડાઓ ફટાફટ ઉડી જતાં રહે છે.આમછતાં કેટલીક ડાળખીઓ અને પાંદડાઓ વચ્ચેનો નાતો એટલો પ્રગાઢ હોય છે કે વાવાઝોડા વચ્ચે પણ અમુક પાંદડાઓ મક્કમતાથી એને વળગી રહે છે.આ પાંદડાઓ એટલે ખુમારીનું પ્રતીક.. આફતો સામે ઝીંક ઝીલતા માણસો.

દુનિયાનો કારોબાર વિસ્મય પમાડે છે. આપણે બહુ સીમિત જગતને જોઈ શકીએ છીએ.આપણી ચોતરફ અનેક પ્રકારના પર્વતો,અજાયબ જગ્યાઓ,નદીઓ.મહાસાગરો.આકાશનો? વૈભવ,રિયાના પેટાળમાં રહેલી વૈવિધ્યસભર જળસૃષ્ટિ..કેટકેટલી અજાયબીઓ હેરત પમાડે છે!માણસ આ બધું એકસાથે કે એક જીવનમાં આ તમામ જોઈ પણ ના શકે.એને સમજવા માટે પણ અનેક અવતારો ધારણ કરવા પડે.એક ચીજનું બીજી ચીજ સાથેનું અનુસંધાન આપણને ખબર ના પડે.એક પ્રદેશ અને બીજા પ્રદેશની આબોહવા અલગ હોઈ શકે.બે દેશો વચ્ચે અલગ સંસ્કૃતિ,અલગ ભાષા,અલગ રીતરિવાજો, આપણને અનુભવાય.આમ છતાં આ બધાની વચ્ચે કોઈક એવો તંતુ હોય છે જે એકમેકને જોડી રાખે છે.સમગ્ર માનવજાતને એકતાતણે બાંધી રાખે છે.સૌથી મોટી અજાયબી એ છે કે ઉપર છેલ્લી રીતે આપણને એમ લાગે કે આ બધું પોતાની મેળે ચાલે છે અને સૂક્ષ્મ રીતે જોઈએ તો પરસ્પર કોઈ ગેબી શક્તિ આ બધાને નિયંત્રિત કરતી હોય એવી અનુભૂતિ થાય..!

માણસને અનેક વિષયોની જાણકારી હોય છે.આપણે દાવા કરતા રહીએ? છીએ કે માણસે આટલી શોધો કરી.. આટલાં શસ્ત્રો બનાવ્યાં.દરિયો ખેડ્યો, આકાશનાં રહસ્યો જાણી લીધાં..આમછતાં રોજ નવી ચેલેન્જ કુદરત તરફથી માણસને મળતી રહે છે.કુદરતી રહસ્યો સામે આપણા અત્યાર સુધીના તમામ પ્રયત્નો નિષ્ફળ સાબિત થતા જોવા મળે છે. કહેવાય છે માણસ આયોજન કરતો રહે છે અને કુદરત એને ધરાશયી કરતી જાય છે માણસ?માટે નવું શીખવાની કે નવું જાણવાની એક મર્યાદા હોય છે.એ કેટલું વિચારી શકે?જે દેખીતું છે એનો અંદાજ તો એ કદાચ લગાવી શકે પણ,કિસ્મતમાં જે નક્કી થયેલું હોય છે એ આખી સ્ક્રીપ્ટ પોતાની રીતે જ ખુલતી જાય છે.એનું આકલન કરવું એટલું આસાન નથી હોતું..આ રહસ્ય અકબંધ જ રહેતું હોય છે..

ભરી લઉં આંખમાં એની સુગંધનો દરિયો...

ત્રણ દ્રશ્યોમાં વતન...

(૧)

દરેક નગરને એની અસ્મિતા હોય છે..રાધનપુર એક ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર ધરાવે છે...કચ્છનું નાનું રણ એનું સહોદર છે..વાગડ, મારવાડ અને બનાસ એમ ત્રિવેણી સંગમ જેવી એની ભાતીગળ સંસ્કૃતિ છે....કહેવાય છે કે રાયધણખાન નામના બલોચ સુબાએ એને વસાવેલું જેના ઉપરથી રાયધણપુર નામ પડયું જે ક્રમશઃ રાધનપુર બન્યું...બીજી એક દંતકથા પણ રસપ્રદ છે..જે મુજબ આ નગરને સરધરા રાજપુત લૂણાજી વાઘેલાએ વસાવેલું અને એમના નામ ઉપરથી એક કાળે એ લુણાવાડા તરીકે પણ ઓળખાતું...ઘણી વાતો છે પણ રાધનપુર એટલે બાબી નવાબોનું શહેર એ જાણીતી વાત છે...જે ઈ.સ.૧૭૧૨ આસપાસ રાધનપુરના શાસકો બન્યા.

અમે નાના હતા ત્યારે રાધનપુરનો ટાવર અમને અજાયબી જેવો લાગતો..હકિકતમાં એ ઈ સ ૧૮૯૫માં બ્રિટીશ ગવર્નર લોર્ડ હેરિસની યાદમાં બંધાયેલું એક સ્મારક છે..રાધનપુર પ્રગતિશીલ સ્ટેટ ગણાતું..કોમી એખલાસ અને ભાઈચારો એ એની વિશેષતા હતી..દિવાનપદે જૈન શ્રેષ્ઠીઓ રહેતા..જેમાં મોતીલાલ મુળચંદ શેઠ મોટું નામ છે..દિવાન તરીકે એ એટલા લોકપ્રિય હતા કે એમની યાદમાં ખુદ નવાબસાહેબે ઈ.સ.૧૯૩૦માં રાધનપુરના તળાવને કાંઠે સ્ટેચ્યુ મુકાવેલું જે આજેપણ નગરની ઓળખ છે...લાખા વણઝારા અને એના વફાદાર કૂતરાની સમાધિ પણ અહીં ઉભી છે..

ઈ.સ.૧૮૫૬માં પ્રથમ ગુજરાતી શાળા શરૂ થઈ..ઈ.સ.૧૮૭૧માં પોસ્ટઓફિસ શરૂ થઈ..ઈ.સ ૧૮૩૮માં પ્રજા માટે એક સુંદર બાગનું નિર્માણ થયું જે લાલબાગ તરીકે જાણીતો છે..રાધનપુરની બિસ્મિલ્લાખાનજી લાયબ્રેરી પણ એ સમયની છે..નગરને પીવાનું પાણી પુરું પાડવા કામલપુર ગામ પાસે બનાસ નદીમાંથી ૯ માઈલ લાંબી કેનાલ જે ૧૮૯૧માં કર્નલ ડબલ્યુ સ્કોટ નામના અંગ્રેજે તૈયાર કરી હતી..જે સ્કોટ કેનાલ તરીકે જાણીતી બની હતી..રાધનપુરના છેલ્લા નવાબ મુર્તુજાખાનજી હતા..

કર્નલ લોઈડ એક સફળ અંગ્રેજ હાકેમ હતા જેણે છપ્પનીયા દુકાળ સમયે આ પંથકનો વહીવટ સંભાળ્યો હતો..એનું સ્મારક રાધનપુરમાં છે..એના પછી કર્નલ ઓડોનલ, મેજર વડુ,કેપ્ટન જેકબ ,કોમહીલ અને હેરાલ્ડ જેવા અંગ્રેજ એડમીનીસ્ટ્રેટરો આવ્યા જેમણે લોકચાહના મેળવી હતી..પંડિત હરગોવિંદદાસ શેઠ નામે એક પ્રખર સાહિત્યકાર પણ થઈ ગયા..જેમણે પ્રાકૃત ભાષામાં ગ્રંથો આપ્યા છે..રવિભાણ સંપ્રદાયના પ્રણેતા અને મધ્યકાળના સુધારક કવિ ભાણસાહેબ પણ વારાહીના વતની..એમના પિતાનું નામ કલ્યાણજી ઠકકર..ભાણસાહેબના શિષ્યોમાં નવાબી વંશજો પણ હતા..ઝરામડી ગામના નાથા ગોધા નામના ચૌધરી પટેલ એ જમાનામાં મોટા દાનવીર હતા...જેની કસોટી ઘણા શાસકોએ કરેલી..

માણસને પોતાની વતનની માટી ગમતી હોય છે..શેઠ જીવતલાલ પ્રતાપશીએ શિક્ષણક્ષેત્રે ખુબ દાન કરેલું..રાધનપુરનું ધાનબજાર ધમધમતું રહેતું..એની ફરતે કિલ્લો હતો..પટણી દરવાજા, ભીલોટી દરવાજા, કે મીરાં દરવાજા જાણીતા છે..રાધનપુર રાજય તરફથી એહકાને રસાયતે રાધનપુર નામનું પખવાડિક ગેઝેટ પણ પ્રગટ થતું..ધુળ ડમરી ઝાંઝવાં એ પણ રાધનપુરની એક ઓળખ છે..સુકીભઠ્ઠ ધરતી વચ્ચે લીલાછમ માણસો એનું નામ રાધનપુર..

(૨)

નાના હતા ત્યારે રાધનપુર મોટું શહેર લાગતું..મોટા થયા બાદ એ ભાવજગત નું ભવ્ય નગર લાગે છે..એક જમાનામાં જગતના તમામ રસ્તાઓ જાણે રાધનપુરના પાદરે જ ભેગા થતા હશે એવું કુતુહલ રહેતું..

બાળપણમાં ઘણીવાર એક લગ્નગીત સાંભળવા મળતું..'રાધનપુરનો ઉંચો ટાવર..ફલાણાભાઈને આવ્યો પાવર....' કોરસમાં કોઈકનું નામ આવતું...મજા પડતી.ખરેખર રાધનપુર એના ટાવર થકી જ ઓળખાતું...અમારા કુતૂહલની કેટલીય કેડીઓ અહીં આવીને અટકતી..પછી તો ઘણી ભવ્ય ઈમારતો અને ગગનચુંબી મિનારાઓ જોયા છે..પણ રાધનપુરના ટાવર આગળ સહુ પાણી ભરે!

નવાબી નજાકત અને આંધીની હિફાજત એ રાધનપુરની આગવી ઓળખ છે. છેક ઈ.સ.૧૮૦૬ આસપાસની મેકમર્ડોની ડાયરીમાં પણ એની ભવ્યતાનો ઉલ્લેખ છે..ચારે તરફ મજબુત કોટ, ભવ્ય દરવાજાઓ...એ બધા અવશેષોને અમે પણ જોયા છે!

નગરની વચ્ચે નયનરમ્ય તળાવ..વચ્ચે ભવ્ય મહેલ..પડખે લાખા વણઝારા અને એના વફાદાર શ્વાનની શહાદતભરી સમાધી..જેની વાત પાઠયપુસ્તકો માં પણ આવે છે..નગરના ગરવા દિવાન શેઠ મોતીલાલ મુળચંદ શાહ ની પ્રતિમા ઈ સ ૧૯૩૦ માં સ્વયં નવાબસાહેબે મુકાવેલી..કોણ માનશે?

રાધનપુર એક ભાવવાચક નામ છે..લાગણીનો મુકામ છે..શેઠ કે. બી.વકીલ હાઈસ્કુલ અને વિદવાન શિક્ષકો...વારાહી પરગણા લોહાણા વિદ્યાર્થી બોર્ડિંગ...બિસ્મિલ્લાખાન લાયબ્રેરી...મંડાઈ ચોક.ધાનબજાર..પોલોગ્રાઉન્ડ...ટનાટન ની ચા..મજા હતી...એક જમાનામાં અહીં ખજુરીનાં ઘટાટોપ વૃક્ષો પણ જોવા મળતાં..

મોટીયાર ચિયા ગોંમ ના..?'જેવા સાચુકલા ઉદગાર થકી અહીં માનવ ધબકે છે..ધૂળછે, ડમરી છે..ઝાંઝવાના ઝુંડ છે..અભાવો, અને આપત્તીઓ છે..પણ એ બધાને અતિક્રમી જાય એનું નામ રાધનપુર. .મારું નામ..તારું નામ..સર્વનામ..અનેક નામો વચ્ચે વિસરાઈ ગયેલું એક નામ....ઓહ.! કયાં હશે એ નામ?!!

(૩)

વરસાદી માહોલ અને રાધનપુર આમ તો દુર્લભ ઘટના ગણાય..ચોતરફ ઝરમર વચ્ચે નગરમાં પ્રવેશ કરૂં છું..ધોધમાર વરસાદ હવે અહીં સહજ ગણાય છે..ઈ.સ.૧૯૮૨ની કેટલીક સાંજ યાદ આવી જાય છે..વારાહી પરગણા રઘુવંશી લોહાણા ભવનનો દરવાજો એ વખતે તોતિંગ લાગતો..આજે કાળની થપાટ ખાઈ ઉભો છે એકલવાયો..કલીક કરૂં છું..એકાદ બેકલીક ભીતરમાંથી પણ ઉઘડી જાય છે..સ્મરણો ભીનાં બની જાય છે..દૂર બજાર ઉપર કેમેરો ફેરવું છું..એક છબી મળે છે..ધરવ થતો નથી..રાધનપુર મારામાં છટપટે છે...અંદરથી જાણે કશુંક વિસ્તરે છે..શબ્દોનો જ સહારો લઉં...

ખખડધજ દરવાજામાંથી મારી ચશ્માગ્રસ્ત આંખો શોધી નાખે છે સામે છુપાયેલો પ્રાર્થના ખંડ..જયાં વિતાવી મુગ્ધ સવારો..ને દેવોના પરમ વર શા શબ્દો મળતા...બાજુમાં ખુલ્લા નળ જયાં વહેલી સવારે મુકત મને ન્હાવાની મોકળાશ હવે આ ભવમાં તો મળવી મુશ્કેલ..ભણવાની સાથે સાથે ભૂખ પણ ખૂબ લાગતી..

વરસાદની છાલક મને સચેત કરે છે..આજુબાજુ દેખાતાં લોકો મને અજાણ્યો ચાલક સમજે છે..હું એમનો છું એવું એમને લાગ્યું નથી..આ ભાવ મને અકળાવે છે.. મને તલાશ છે ધુળની..રોજ સાંજે નિર્દોષ બાળક જેવી આકાશે ચડતી ડમરીઓની..એક સમયે અહીં ચહલપહલ હતી. જીવંતતા હતી..રામનારાયણ એક વયોવૃધ્ધ સેવક અહર્નિશ અહીં બેસતા..વાતોનાં વડાં કર્યા કરે..ગૃહપતિ ન. ભો.મહેતા પંચોતેર આસપાસના વિદ્વાન ભૂદેવ..મજબૂત કાઠી..શુધ્ધ ઉચ્ચારણ..અમારા દરેકની વિશેષતા અને નબળાઈને સુપેરે જાણે..ઓહો..મનની પ્રતો પણ કેવી ઉઘડતી જાય છે..દમયંતીના હાથના સ્પર્શથી સજીવન થઈ જતા મત્સ્ય જેવી...!

રાધનપુર અમારી બોર્ડિંગ પાસે જ પૂરું થઈ જતું..નાનકડું બસને સ્ટેશન અને એનું વિશાળ પરિસર સીમ જેવું લાગતું..સાંજનું ભોજન સૂરજ આથમે એ પહેલાં થઈ જતું. પછી ટહેલવા નિકળતા..પાલનપુર કંડલા હાઈવે ઉપર ગણ્યા ગાંઠ્યા ભારે વાહનો આગંતુકની માફક નિકળતાં..એ ઘરઘરાટી એ જ અમારૂં સંગીત.. રિક્ષાઓ હજુ આવી નહોતી..છુટીછવાયી સાયકલ સવારી એ નગરજનોની પહેચાન હતી..આજે એ હાઈવે ગાયબ છે..એક મહાકાય પુલની ઉપર એ શ્વસી રહયો છે..

નગર હવે બહાર નિકળી ગયું છે..પાંખો ફૂટેલા સંતાનની માફક..લોહાણા બોર્ડિંગ હવે વિકસેલા શહેરમાં લપાઈ ગઈ છે...એની ભવ્યતા મારા મનને ભરડો લે છે...ઓહ હું પણ એકલવાયો સુકલકડી તાજી જ ફાટેલી મુછ અને નવી નવી કવિતા લખતો મુગ્ધ તરૂણ..! એ મારા એકલખૂણાની ઉપલબ્ધિ હતી..

એ વખતે કવિતા લખવી એ આટલી સહજ વાત ન હતી..અમારી સ્કુલ બોર્ડિંગ કે આજુબાજુ દૂર સુધી ક્યાંય કોઈ કવિ કે લેખક બનવાની મહેચ્છા ધરાવતું માણસ શોધવું પડતું..એ રીતે હું બહુમતીમાં હતો..કવિતા લખું છું એમ કહીએ તો કુતુહલ અને ઉપહાસ

અનુસંધાન પાના નં. ૭ પર

સાપ્તાહિક રાશિફળ

(તા. ૦૫-૦૨-૨૦૨૩ થી ૧૧-૦૨-૨૦૨૩ સુધી)

૧. મેષ રાશિ (અ.લ.ઈ.)

આ સપ્તાહ તમારું સ્વાસ્થ્ય સુધરશે. પરિવર્તન આવશે. શુભ ગ્રહોનો સારો પ્રભાવ પ્રાપ્ત થશે. ધંધા વ્યવસાયમાં પ્રગતિ થતી જણાશે. શેર-સટ્ટામાં લાભ થશે. સાથે નાણાંકીય બાબતે સંતાનની મદદ પ્રાપ્ત થાય. સ્થાવર જંગમ મિલકતમાં યથાસ્થિતિ જણાશે. માનસિક પરિતાપ રહેશે. નોકરીયાત માટે શુભસ્થિતિ છે. પ્રમોશન મળે. વિદ્યાર્થીઓ માટે પણ મહેનતનું ફળ પ્રાપ્ત થતું જણાય. સ્ત્રી વર્ગ માટે ખાલીપો અનુભવાય.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)

આ સપ્તાહ દરમિયાન માનસિક વ્યગ્રતા ઊભી થાય. પરેશાની જણાય. ભાઈ-ભાંડુઓનો સહકાર મળે. નાની યાત્રા થાય. મકાન, વાહન સુખમાં શુભત્વ પ્રાપ્ત થાય. સંતાન પ્રશ્નો ઉકલે. આરોગ્ય જાળવવું. નોકરીમાં પણ વાદવિવાદથી દૂર રહેવું. દાંપત્ય જીવન સુખાકારી સારી. કૌટુંબિક યાત્રા કરવી. ભાગ્યોદય થાય. પરાક્રમ વધે. ધંધા વ્યવસાયમાં પ્રશ્નો ઊભા થાય. આકસ્મિક લાભ મળે. ધાર્મિક કાર્યો કરવા. નોકરીમાં અડચણ. વિદ્યાર્થીઓ માટે શુભ સમય. સ્ત્રી વર્ગને સુખાકારી.

૩. મિથુન રાશિ (ક.છ.ઘ.)

આ સપ્તાહે આપ માનસિક - શારીરિક શાંતિ અનુભવો. આવક વધશે. કૌટુંબિક જીવન સુખમય થાય. મકાન વાહન વગેરે પ્રશ્નોનો ઉકેલ. શેર-સટ્ટામાં સમય પ્રતિકૂળ, આરોગ્ય જળવાય. દાંપત્યજીવન શરુમાં શાંતિ સપ્તાહ અંતે ઉદ્વેગ ઊભો થાય. ભાગ્ય વૃદ્ધિ થાય. ધંધા વ્યસાયમાં અનુકૂળ સમય. લાભ પ્રાપ્તિમાં અડચણ આવે. વિદ્યાર્થી માટે અથાગ મહેનત કરવી. નોકરિયાતનો સારો સમય ધારેલુ કામ થાય. હાલ નવું રોકાણ ન કરવું, વિદેશથી ખર્ચ થાય. પરદેશગમન થાય. સ્ત્રી વર્ગમાં સમય પ્રતિકૂળ.

૪. કર્ક રાશિ (ડ.હ.)

આ સપ્તાહ આપને શારીરિક - માનસિક શાંતિ પ્રાપ્ત થાય. આવકના સ્ત્રોત ઊભા થાય. ભાઈભાંડુનો સહકાર મળે. મકાન-વાહન સંપત્તિમાં સ્થિતિ યથાવત રાખવી. આરોગ્ય જળવાય. દાંપત્ય જીવન વિખવાદયુક્ત પસાર થાય. ઉગ્રતા પ્રાપ્ત થાય. સ્ત્રી વર્ગને માનસિક અશાંતિ. ભાગ્યોદય થાય. ધંધા વ્યવસાયમાં નવું આયોજન ન કરવું. ભાગીદારી ન કરવી. વિદ્યાર્થીને સામાન્ય, નોકરિયાત માટે, પ્રયાસ કરવાથી સફળતા.

૫. સિંહ રાશિ (મ.ટ.)

આ સપ્તાહ માનસિક શાંતિ અને શરીર નિરોગી રહેશે. કૌટુંબિક વાતાવરણ સુમધુર રહેશે. નાણાંકીય લોન મળે ઊછીના આપેલ નાણાં પાછા આવે. દાંપત્યજીવનમાં વાદવિવાદ થાય. ધાર્મિક યાત્રા થાય. ધાર્મિક કામોમાં ખર્ચ થાય. ભાગ્યોદયમાં વિલંબ. જમીન મકાન લગતી બાબતોમાં ફાયદો. સંતાન સુખ મળે. વિદ્યાર્થી માટે સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળતા. સ્ત્રી વર્ગ માટે આરોગ્ય પ્રશ્ન ઊભો થાય.

૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)

આ સપ્તાહ સ્વાસ્થ્ય સમસ્યાના પ્રશ્ન ઊભા થાય. ચુસ્ત આર્થિક સ્થિતિને કારણે મહત્ત્વપૂર્ણ કાર્ય અટકે. નુકશાન ન થાય તે જોવું. નવી યોજના માટે થોભો અને રાહ જુઓ. નિષ્ણાતની સલાહ લેવી. જીવનસાથીનો સહકાર પ્રાપ્ત થાય. ભાઈભાંડુથી વિવાદ, પ્રતિષ્ઠા વધશે. ઘરમાં ધાર્મિક કાર્યો સજોડે કરવા. ભાગ્ય હાનિ થાય. વિદ્યાર્થી માટે સફળતા મળે. નોકરિયાત માટે સાચવવા જેવો સમય છે. ઉપરી અધિકારી સાથે સંબંધ ન બગાડવા. દલાલીના ધંધા વાળાને શુભ સમય.

૭.તુલા રાશિ. (ર.ત.)

આ સપ્તાહ વાયુ પ્રકોપના રોગ થાય. હૃદયના દર્દીને સાચવવું. આર્થિક બાબતે સમજી વિચારીને આગળ વધવું. ધંધા વ્યવસાયમાં સહકાર મળશે. કૌટુંબિક મતભેદ આ સમયમાં સામે આવશે. કુટુંબના સભ્યો વિદેશગમન કરી શકે. સ્થાવર-જંગમ મિલકતમાં ફેરફાર કરી શકો. સંતાન અંગે પ્રશ્નો ઊભા થાય. વિદ્યાર્થીઓએ શેખચલ્લીના વિચારો છોડી ભણવામાં ધ્યાન આપવું. સ્ત્રી વર્ગને સંતાપ. જાતજાતના અનુભવ થાય.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)

આ સપ્તાહ સાંધાના દુઃખાવા, કમરના દુઃખાવામાં કાળજી લઈ ઉપાય કરવા. આર્થિક રીતે અનિચ્છનીય ખર્ચ થાય. આવક-જાવક સંતુલન જાળવવું. તમારી પ્રતિષ્ઠામાં વધારો થાય. કારકિર્દી માટે સમય શુભ છે. વ્યવસાયમાં સુધારો. મકાન-વાહન સંપત્તિમાં ખર્ચ ન કરવો. આ સપ્તાહ સંતાનો સાથે મળી ધાર્મિક કાર્યનું આયોજન કરવું. વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માટે નિર્ણયો લઈ શકો. સ્ત્રી વર્ગ માટે માનસિક વ્યગ્રતા વધે. નોકરીમાં આવક વૃદ્ધિ થાય.

૯. ધન રાશિ (ભ.ધ.ફ.ઢ.)

આ સપ્તાહ આપે સ્કીનને લગતા રોગથી સાવધ રેવું. આરોગ્યની કાળજી લેવી. મકાન વાહન મિલકતથી લાભ પ્રાપ્ત થશે. સંતાનના પ્રશ્નોથી ચિંતિત રહેશો. ધંધા-વ્યવસાયમાં નવું વિચારી શકાય. શેર સટ્ટાથી દૂર રહેવું. નાની યાત્રા થાય. કૌટુંબિક પ્રશ્નો ઊકલે. લાભો પ્રાપ્ત કરવામાં અચડણ. વિદ્યાર્થી બંધુને સંતાપ. નોકરિયાત વર્ગ માટે ફાયદાકારક સમય. સ્ત્રી વર્ગ માટે સમય શુભ. વાહન માટે કે મકાન માટે લોન સરળતાથી પ્રાપ્ત થાય. છેલ્લા દિવસોમાં અચાનક નાણાંકીય લાભ થાય.

૧૦. મકર રાશિ (ખ.જ.)

આ સપ્તાહ આપને માટે તંદુરસ્તીનો પ્રશ્ન નથી. સ્ફૂર્તિ અને જોમજુસ્સાથી આગળ વધી શકો. જો કે આવક ક્ષેત્રે અચડણ ઊભી થાય. નાણાંકીય અછત ઊભી થાય. ભાઈ-ભાંડુનો સહકાર મળે. ધાર્મિક કાર્યો સાથે મળી કરવા. મકાન, વાહન બાબતે સંભાળવું. નવું આયોજન ન કરવું. સંતાન સાથે વિવાદ થાય. દાંપત્ય જીવન સુખમય પસાર થાય. નાની યાત્રાઓ થાય. સાથે ભાગ્યોદય થાય. વિદ્યાર્થીઓ માટે પરિશ્રમ જરૂરી. સ્ત્રી વર્ગને સામાન્ય સમય. નોકરી માટે શુભ સમય.

૧૧. કુંભ રાશિ (ગ. સ. શ. ષ.)

આ સપ્તાહ આપને શારીરિક તેમજ માનસિક ચિંતાઓ પરેશાન કરશે. પરિશ્રમ મુજબ લાભ પ્રાપ્ત ન થાય. સ્વાસ્થ્ય સમસ્યા રહે. સતર્ક રહેવું જરૂરી છે. પારિવારિક પ્રશ્નો ઊકેલવા. આર્થિક દૃષ્ટિએ પરિસ્થિતિ યથાવત રહેશે. ધાર્મિક તેમજ દાનધર્મમાં ખર્ચ થાય. મકાન -જમીન પ્રશ્નો ઉકલે. દાંપત્ય સુખ સારું - નોકરીમાં પદપ્રવૃત્તિ થઈ શકે. વિદ્યાર્થી માટે મહેનતનું ફળ મળશે.

૧૨. મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)

આ સપ્તાહ આપે આરોગ્ય જાળવવું, બાજારુ ખોરાક ન લેવા. પારિવારિક પ્રશ્નો ઊભા થાય. ભાઈ-ભાંડુ સહકાર ન આપે. જમીન અંગે પ્રશ્નોનું નિવારણ થાય. મકાન, વાહનથી ફાયદો થાય. સ્થાવર - જંગમ મિલકત બાબતે સામાન્ય નોકરીમાં પ્રશ્નો ઊભા ન થાય તે જોવું. વ્યવસાયમાં સાવધાની રાખવી. જો કે નાણાંકીય આકસ્મિક લાભ થઈ શકે. સ્ત્રી વર્ગને જવાબદારી વધે. વિદ્યાર્થીઓને લાભપ્રદ સમય છે.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

માનસિક રીતે મજબુત માણસો મુશ્કેલ સમયમાં પણ આગળ ધપે છે

(૪થી ફેબ્રુઆરીએ કેન્સર ડે છે.)

કેન્સર એ આધુનિક રોગ છે. જીવનમાં વધુ પડતા તણાવ અને ચિંતાને કારણે આવી છે. એ જીવસૃષ્ટિનો અવિભાજ્ય ભાગ છે પણ અનેક લોકોના મનમાં ડરની લાગણી સાથે ઘર કરી બેઠો છે. હાલના અમેરીકાના પ્રેસિડન્ટ જો બાઈડેનના પુત્ર બ્યુ કે જે એ સમયના એટર્ની જનરલ અને ડેલાવેરના આગામી ગવર્નર બનનાર હતા તેઓને ૪૬ વર્ષની વયે આંતરડાનું કેન્સર થયું હતું. તેવા સમયે પુત્ર તેના પિતાને આશ્વાસન આપવા માંગતો હતો કે 'કેન્સર થયું તો શું થયું, હું સારો થઈ જઈશ...પણ આ પરિસ્થિતિમાં એક પિતા તરીકે તમે ધૈર્ય રાખી દેશ માટે જે જે પડકારો અને અમેરિકામાં સ્થિરતા લાવવાની એક મોટી પહેલ છે તેમાં એકાગ્ર ચિત્તે પ્રજાહિતમાં ઉકેલ લાવવાનું વચન મને આપો' પિતા અને પુત્ર વચ્ચેના સંવાદ 'પ્રોમિસ મી, ડેડ' પુસ્તકમાં સુંદર રીતે આલેખવામાં આવ્યો છે. જો બાઈડેન માટે ૧૯૭૨માં ડેલાવેરમાંથી પ્રથમ વખત સેનેટર તરીકે ચૂંટાયા પછી તરત જ કાર અકસ્માતમાં તેમની પત્ની અને પુત્રીનું મૃત્યુ થયું હતું અને તેના બે પુત્રો ઘાયલ થયા હતા. આ વર્ષો તેમના માટે રાજકીય અને અંગત જીવન માટે સૌથી વ્યક્તિગત પડકારજનક હતાં. એક તરફ બાઈડેન ઉપપ્રમુખપદની વિશાળ જવાબદારીઓ નિભાવે અને બીજી તરફ તેઓ પ્રિય પુત્રની બિમારી. કેન્સરના દર્દી દ્વારા પોતાના નજીકના સગાઓને માનસિક શાંતિ આપતી દુઃખ, આશા અને ઉપચારની આજુબાજુ ફરતી ' પ્રોમિસ મી, ડેડ' એ એક વ્યક્તિની અવિશ્વસનીય અંગત સફરનું વર્ણન કરે છે. પોતાનો યુવાન પુત્રની ગંભીર હોય તેવા સમયમાં પણ બાઈડેનની પ્રતિબદ્ધતા એ સાબિત કરે છે કે માનસિક રીતે મજબુત માણસો મુશ્કેલ સમયમાં પણ આગળ ધપે છે.

આ વખતનો કેન્સર ડે નું થીમ છે "ઝર્ઝ્જી ંરી ષ્ઠઠ્ઠી ખ્રઠ્ઠ" - જીવન બચાવવા માટે સહકાર અને સામૂહિક પગલાંની શક્તિને ક્યારેય ઓછી આંકી શકાય તેમ નથી. બાઈડેન પોતાના પુત્રની સારવાર અને તે દરમિયાન ફેમિલીના સહકાર વિશે કહે છે કે " મેં મારા પુત્રની કેન્સરની લડાઈમાંથી એટલું શીખ્યો છું કે જ્યારે કુટુંબના એક સભ્યને આ રોગ થાય છે, ત્યારે બધા સભ્યો અસરગ્રસ્ત થાય છે પણ જ્યારે આ પરિસ્થિતિમાં ઘરના દરેક સભ્યોનો સહકાર, લાગણીઓ સાથે હોય તો જરૂર તેમાંથી પાર ઉતરી શકાય છે."



કોઈપણ વ્યક્તિ કે જે બીમારી સાથે સંઘર્ષ કરી રહી છે અથવા જીવન પ્રત્યે સ્પષ્ટ પરિપ્રેક્ષ્ય શોધી રહી છે તેમના માટે બીજુ એક પુસ્તક 'ટ્રાન્સફોર્મીંગ યોર પેઈન ઈન્ટુ પાવર' એ મુશ્કેલ અનુભવને કેવી રીતે વધુ સારો અને અર્થપૂર્ણ બનાવવા માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહ્યું છે. એના લેખક ફિલિપ એમ.બર્ક કે જેઓ કેન્સરનો સામનો કરતા હતા પણ તેનાથી નાસીપાસ થયા વગર તેમાંથી મળેલ અનુભવોએ તેમને જુસ્સો અને જીવનનો માર્ગ શોધ્યો. તેમની બિમારીએ તેમને આરોગ્ય અને ઉપચારના ક્ષેત્રમાં રસ જગાડ્યો. આ યાત્રા દરમિયાન તેઓ ઘણી ઉપચાર પદ્ધતિઓ શીખ્યા અને સર્ટીફાઈડ રેકી માસ્ટર બન્યા. ઉપરાંત, કોલોરાડો યુનિવર્સિટીમાંથી પ્રોફેશનલ કાઉન્સેલિંગમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી. હાલમાં પોર્ટલેન્ડ, ઓરેગોનમાં વર્કશોપ કરે છે અને તેની પોતાની અનોખી હીલિંગ સિસ્ટમ વિકસાવી તેનાથી ખાનગી પ્રેક્ટિસ કરે છે. ઓશો રજનીશ કેન્સર અને તેના ઈલાજ વિશે વાત કરે છે અને સમજાવે છે કે સંમોહન (હિપ્નોસિસ) પરના આધુનિક સંશોધનો સાબિત કરે છે કે દરેક રોગ જો મન બદલાય તો તેની સાથે સાજા થઈ શકાય છે, ખરાબ આદતો છોડી શકાય છે અને એનાથે ઊલટું પણ સાચું છે:

કેન્સર સાથે કામ પાર પાડવું એ કેવળ સો જ મીટરની હરીફાઈમાં ભાગ લેવા જેવું નથી. પણ ઘણા લાં